# છૂટક મોંઘવારી દર ઘટીને 2.10 ટકા: 77 મહિનાના તળિયે પહોંચ્યો

**જથ્થાબંધ** ફુગાવો પણ ઘટીને ૧૯ મહિના પછી નેગેટિવ બન્યો

**ખાદ્ય** ચીજવસ્તુઓ અને જીવનજરૂરિયાતની વસ્તુઓના ભાવોમાં ઘટાડો થતા ફુગાવો ઘટ્યો

નવી દિલ્હી, તા. 14: અનાજ, ફળ-શાકભાજી સહિતની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવોમા ઘટાડો થવાના કારણે છૂટક અને જથ્થાબંધ ફુગાવાના દરમાં ઘટાડો જોવાયો હતો. જૂનમાં રિટેલ મોંઘવારી દર ઘટીને 2.10 ટકા પર આવી ગયો છે. આ 77 મહિના એટલે કે છ વર્ષ કરતા વધુ સમયની નીચી સપાટી છે.

આ પહેલા જાન્યુઆરી 2019માં તે 1.97 ટકા હતો. તે જ સમયે, મે 2025માં તે 2.82 ટકા હતો અને એપ્રિલ 2025 માં રિટેલ ફુગાવો 3.16 ટકા હતો. જ્યારે જૂનમાં જથ્થાબંધ મોંઘવારી દર માઈનસ 0.13 ટકા પર આવી ગયો છે. આ તેની 20 મહિનાની નીચી સપાટી છે. આ પહેલા ઓક્ટોબર 2023માં તે માઈનસ 0.56 ટકા પર હતો. જે મે 2025માં 0.39 ટકા અને એપ્રિલ 2025માં 0.85 ટકા હતો. દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ખાદ્યચીજોના ભાવમાં ઘટાડો થવાને કારણે ફુગાવો ઘટ્યો છે. ફુગાવો નવેમ્બર ૨૦૨૪થી ઘટી રહ્યો છે. ખાદ્ય ચીજોના ભાવમાં સતત ભાવ ઘટાડાના કારણે રિટેલ ફુગાવો ઘટ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ફુગાવાના બાસ્કેટમાં લગભગ 50 ટકા હિસ્સો ખાદ્ય ચીજો દ્વારા આપવામાં આવે છે. તેનો મહિના દર મહિના ફુગાવો 0.99 ટકાથી ઘટીને માઈનસ 1.06 ટકા પર આવી ગયો છે. ગ્રામીણ મોંઘવારી જૂનમાં 2.59 ટકાથી ઘટીને 1.72 ટકા રહી છે. તે જ સમયે, શહેરી ફુગાવો 3.12 ટકાથી ઘટીને 2.56 ટકા પર આવી ગયો છે. આ પહેલા 4થી 6 જૂન દરમિયાન મળેલી આરબીઆઈ મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં નાણાકીય વર્ષ 2025-26 માટે મોંઘવારીનું અનુમાન 4 ટકાથી ઘટાડીને 3.7 ટકા કરી દેવામાં આવ્યું હતું. આરબીઆઈએ એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ફુગાવાનો અંદાજ 3.6 ટકાથી ઘટાડીને 2.9 ટકા કર્યો છે.

## ભારતના ડેરી ઉદ્યોગમાં અમેરિકાની એન્ટ્રી થશે તો એક લાખ કરોડ રૂપિયાનું નુકશાન થશે: એસબીઆઇની ચેતવણી

**જો ભારતમાં** અમેરિકાથી આયાત શરૂ થશે તો તેનાથી નાના ડેરી ખેડૂતોની આજીવિકા પર ગંભીર અસર પડશે

નવી દિલ્હી, તા. 14: ભારત અમેરિકા સાથે ટ્રેડ ડીલને આખરી ઓપ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યારે એસબીઆઈએ ડેરી સેક્ટરને લઈને ચેતવણી જારી કરી છે. તેણે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે જો ભારતનું ડેરી ક્ષેત્ર અમેરિકાની આયાત માટે ખોલવામાં આવે તો ભારતના ડેરી ખેડૂતોને દર વર્ષે લગભગ 1.03 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થશે.

ઈન્ડિયા યુએસ ટ્રેડ ડીલ પર એસબીઆઈના રિપોર્ટ મુજબ અમેરિકી ડેરી સેક્ટરને ઘણી સબસિડી મળે છે. જો ભારતમાં અમેરિકાથી આયાત શરૂ થશે તો તેનાથી નાના ડેરી ખેડૂતોની આજીવિકા પર ગંભીર અસર પડશે. અમેરિકાની આયાતને કારણે ભારતમાં દૂધના ભાવમાં ઓછામાં ઓછા 15 ટકાનો ઘટાડો થશે. તેનાથી ડેરી ખેડૂતોને દર વર્ષે 1.03 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થશે. નોંધપાત્ર વાત એ છે કે, કૃષિ અને ડેરી ક્ષેત્ર પર સમજૂતીના અભાવને કારણે, બંને દેશો વચ્ચેના વેપાર સોદાને હજી સુધી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. એસબીઆઈનું કહેવું છે કે અમેરિકામાં સબસિડીના કારણે ભારત દર વર્ષે લગભગ 2.5 કરોડ ટન દૂધની આયાત કરશે.

ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થામાં ડેરી ક્ષેત્રનો મહત્વનો ફાળો છે. ગ્રોસ વેલ્યુ એડેડમાં આ ક્ષેત્રનો ફાળો 2થી 3 ટકા છે. મૂલ્યની દ્રષ્ટિએ જોઈએ તો તે 7.5-9 લાખ કરોડ રૂપિયા થાય છે. આ ક્ષેત્રમાં લગભગ 80 મિલિયન લોકો કામ કરે છે. આ અર્થમાં, સરેરાશ, દર એક લાખ રૂપિયાની આવક માટે એક વ્યક્તિને કામ મળે છે. એસબીઆઇનું કહેવું છે કે જો અમેરિકાની આયાતને કારણે ભારતમાં દૂધની કિંમતમાં 15 ટકાનો ઘટાડો કરવામાં આવે તો તેનાથી ખેડૂતોની આવકમાં ઘટાડો તો થશે જ સાથે સાથે ભારતની અર્થવ્યવસ્થામાં આ સેક્ટરનું યોગદાન પણ ઘટશે. જો ફીડ, ઈંધણ, પરિવહન અને પારિવારિક મજૂરીનો ખર્ચ ઉમેરવામાં આવે તો જીવીએને લગભગ 51000 કરોડ રૂપિયાનું નુકસાન થશે.

**બેન્ક, આઇટી શેરોમાં વેચવાલી રહી, રિયલ્ટી અને મીડિયા શેરોમાં સુધારો**

## સતત ચોથા દિવસે શેરબજારમાં નરમાઇ, પણ મિડ-સ્મોલકેપ શેરોમાં સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 14:** ભારતીય શેરબજારમાં આજે પ્રથમ દિવસે પણ નરમ વલણ ચાલુ રહ્યું હતું. આમ, સતત ચોથા દિવસે સતત ઘટાડો જોવા મળ્યો હતો. આજે બજારના ઘટાડામાં આઈટી શેરોની આગેવાની રહી હતી. આ ઉપરાંત, વિદેશી રોકાણકારોની અવિરત વેચવાલી પણ હાવી રહી હતી. જેના લીધે શેરબજારમાં સેન્સેક્સ તથા નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. એક તબક્કે, નિફ્ટીએ 25000 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી, પણ છેલ્લે તેની ઉપર બંધ રહી હતી. ટીસીએસના અપેક્ષા કરતા નબળા પરિણામના કારણે ટીસીએસની આગેવાની હેઠળ આઈટી શેરો નબળા રહ્યા હતા અને તેની પાછળ નિફ્ટી નરમ રહી હતી.

બીજી તરફ, ટુંકસમયમાં અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલની અપેક્ષા રાખી રહ્યું ચએ, જેમાં ભારત માટે ટેરિફ 20 ટકાની આસપાસ રહેશે. જો આમ થશે તો માર્કેટને ઈમોશનલી બુસ્ટ મળશે, જો વધુ ટેરિફ રહેશે તો બજાર વધુ તુટી શકે છે.

સેકટર વાઈઝ જોઈએ તો રિયલ્ટી, મીડિયા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરો વધ્યા હતા. જ્યારે આઈટી, પ્રાઈવેટ બેન્ક અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો નોંધાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 247.01 પોઈન્ટ એટલે કે 0.3 ટકા વધીને 82253.46 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 82537 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 82010 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 67.55 પોઈન્ટ એટલે કે 0.27 ટકા ઘટીને 25082.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25151 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25001 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 10.65 પોઈન્ટ એટલે કે 0.02 ટકા સુધરીને 56765.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે સુપ્રીમ ઈન્ડ.માં 10.3 ગણા, ન્યુલેન્ડ લેબમાં 8.94 ગણા, પીડીલાઈટ ઈન્ડમાં 8.2 ગણા, પેજ ઈન્ડ.માં 6.98 ગણા અને બજાજ હોલ્ડીંગ્સમાં 5.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ન્યુલેન્ડ લેબમાં 12.83 ગણા, ઓલા ઈલે.માં 11.24 ગણા, આનંદ રાઠી વેલ્થમાં 8.02 ગણા, કેસ્ટ્રોલ ઈન્ડિયામાં 7.74 ગણા અને પિરામલ એન્ટરમાં 6.27 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો નોંધાયો હતો. લાર્જકેપ શેરોની સામે મિડ-સ્મોલકેપ શેરો ઉછળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.67 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.57 ટકા વધ્યા હતા. જ્યારે માર્કેટ બ્રેડથ 2065 શેરો વધ્યા હતા, જ્યારે 2121 શેર ઘટયા હતા અને કુલ 154 શેરો યથાવત રહ્યા હતા.

આજે ટ્રાવેલ ફુડ સર્વિસીસના આઈપીઓ 2.38 ટકા પ્રીમિયમ સાથે રૂ. 1126.90ના ભાવે લિસ્ટીંગ થયું હતું, જે છેલ્લે 2.59 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 1071.50ના સ્તરે બંધ રહ્યો હતો. એનએસઈ એસએમઈ સ્માર્ટન પાવર સીસ્ટમના આઈપીઓનું આજે 44 ટકા પ્રીમિયમ સાથે રૂ. 144ના ભાવે લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 100ના ભાવે ઓફર કર્યો હતો. જે 5.26 ગણો છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર 267 પોઈન્ટ લાલ નિશાનમાં ચાલી રહ્યો છે, ત્યારે આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે.

### રૂપિયો વધુ તૂટયો, 86ની નજીક સરક્યો

કરન્સી બજારમાં આજે ડોલરની મજબૂતાઇ આગળ વધતી જોવા મળી હતી. ખાસ કરીને વિદેશી રોકાણકારોના આઉટફ્લોની અસર રૂપિયા પર પડી હતી. આજે રૂપિયો નબળો પડીને 86ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે રૂપિયો 18 પૈસા તૂટીને 85.98ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે 85.96ના સ્તરે ખુલ્યો જ હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 85.80ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 99.97, પાઉન્ડ 116.18, કેનેડિયન ડોલર 62.75, ઓસ્ટ્રેલિયન ડલોર 56.74, સીંગાપોર ડોલર 67.17ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 85.98 રૂ. |
| યુરો | 99.97 રૂ. |
| પાઉન્ડ | 116.18 રૂ. |
| યેન | 0.5841 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -247.01 | 82253.46 |
| નિફ્ટી | -67.55 | 25082.30 |
| બેન્ક નિફ્ટી | 10.65 | 56765.35 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇર્ટનલ | 2.75 | 270.60 |
| ટાઇટન કંપની | 1.28 | 3404.70 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 1.02 | 867.60 |
| ઓએનજીસી | 1.02 | 244.22 |
| અદાણી એન્ટર | 0.88 | 2581.30 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇનાન્સ | 2.06 | 319.10 |
| ટેક મહિન્દ્રા | 1.61 | 1576.70 |
| બજાજ ફાઇનાન્સ | 1.57 | 918.85 |
| વિપ્રો | 1.57 | 254.25 |
| ઇન્ફોસીસ | 1.54 | 1570.30 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇર્ટનલ | 2.83 | 270.75 |
| ટાઇટન કંપની | 1.23 | 3400.10 |
| આઇટીસી | 0.54 | 419.30 |
| સન ફાર્મા | 0.54 | 1681.45 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.52 | 3090.90 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.55 | 1578.15 |
| બજાજ ફાઇનાન્સ | 1.54 | 918.95 |
| ઇન્ફોસીસ | 1.53 | 1570.45 |
| એશિયન પેઇન્ટસ | 1.58 | 2401.00 |
| એચસીએલ ટેક્નો | 1.41 | 1614.00 |



### ચાંદી 3577 રૂપિયા ઉછળી નવી ટોચે

નવી દિલ્હી, તા. 14: ચાંદીના ભાવ સતત બીજા દિવસે સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (આઈબીજેએ) અનુસાર, સોમવાર, 14 જુલાઈના રોજ એક કિલો ચાંદીનો ભાવ 3,577 રૂપિયા વધીને 1,13,867 રૂપિયા થયો છે. શુક્રવારે (11 જુલાઈ)એ તે 1,10,290 રૂપિયા પ્રતિ કિલો હતો. જે તેનો સર્વકાલીન ઉચ્ચતમ સ્તર હતો. જ્યારે 24 કેરેટ સોનાના ભાવમાં પણ સોમવારે તેજી આવી છે. સોનુ 792 રૂપિયા મોંઘુ થઈને 98,303 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. શુક્રવારે (11 જુલાઈ)એ સોનાનો ભાવ 97,511 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતો. અગાઉ ૧૮ જૂને સોનાએ રૂ.૯૯,૪૫૪ની સર્વકાલીન ઊંચી સપાટી બનાવી હતી. કેડિયા એડવાઇઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે, યુએસ ટેરિફને કારણે ભૂરાજકીય તણાવ યથાવત છે. આનાથી સોનાને ટેકો મળી રહ્યો છે. આનાથી સોનાની માંગમાં વધારો થઈ રહ્યો છે.

## બિટકોઇનની આગેકૂચ ચાલુ: નવી ઓલટાઇમ હાઇ સપાટી બનાવી

**સોમવારે** શરૂઆતના સોદાઓમાં બિટકોઇન ૧૨૩૦૦૦ ડોલરને પાર ગયો

વોશિંગ્ટન, તા. ૧૪(એપી): બિટકોઈનનો ઝડપી ઉછાળો ચાલુ રહ્યો અને સોમવારે વધુ એક સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો કારણ કે અમેરિકી કાયદા નિર્માતાઓ ક્રિપ્ટો તરફી કાયદા પસાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને અઠવાડિયાની શરૂઆત કરી રહ્યા છે.

CoinMarketCapના ડેટા દર્શાવે છે કે બિટકોઈન સોમવારે સવારે ૧૨૩,૦૦૦ ડોલરથી ઉપર ગયો હતો, જે ફક્ત એક અઠવાડિયા પહેલા લગભગ ૧૦૮,૦૦૦ ડોલર હતો. વિશ્વની આ સૌથી જૂની અને સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી હાલમાં ૨.૪ ટ્રિલિયન ડોલર સાથે વિશ્વનો પાંચમો સૌથી મૂલ્યવાન સંપત્તિ વર્ગ છે, જે તેને એમેઝોન કરતાં વધુ માર્કેટ કેપ આપે છે. બિટકોઈન માટે ઉત્સાહ ત્યારે આવ્યો જ્યારે યુએસ હાઉસ કોંગ્રેસમાં ક્રિપ્ટો વીક તરીકે ઓળખાતા ક્રિપ્ટોકરન્સી સંબંધિત કાયદાના ઘણા ભાગો હાથ ધરવા માટે તૈયારી કરી રહ્યા છે. કાયદા નિર્માતાઓ પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને મોટા ખર્ચ કરતી



ક્રિપ્ટો લોબી દ્વારા ઝડપથી કાયદો પસાર કરવા માટે દબાણ કરવામાં આવ્યું છે. આમાં ગયા મહિને સેનેટ દ્વારા પસાર કરાયેલ બિલનો સમાવેશ થાય છે જે સ્ટેબલકોઈન્સ તરીકે ઓળખાતી ક્રિપ્ટોકરન્સીના પ્રકારને નિયંત્રિત કરશે. ગૃહ ક્રિપ્ટોકરન્સી બજાર માળખાના કાયદા પર પણ ચર્ચા કરવા માટે તૈયાર છે જે વધુ વ્યાપક કાયદો છે. એપ્રિલથી બિટકોઈનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. એપ્રિલમાં તે થોડા સમય માટે 75,000 ડોલરની નીચે ગયો હતો.

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૭૨૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૪૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૩૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૯૦ | દિવેલ | ૨૪૨૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૨૫૦ |
| સરસીયું તેલ | ૨૭૮૦ | | |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૧૧૧૫ |
| તેજાબી સોનું | ૧૦૧૦૨૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૬૦૬૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૯૯૦૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૧૧૧૫૦ |
| ચાંદી (૯૯૯) | ૧૧૬૧૫૦ |
| ચાંદી સિક્કા | ૧૧૭૬૫૦ |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ ’’ | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ ’’ | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

## જેન સ્ટ્રીટનો 4843 કરોડ રૂપિયાનો ગેરકાયદે નફો વસુલ્યો, પણ સેબી ફરી ટ્રેડિંગની મંજૂરી આપશે?

**સેબીની** તપાસ પુરી નહીં થાય ત્યાં સુધી ટ્રેડિંગ શરૂ થવાની સંભાવના નથી

નવી દિલ્હી, તા. 14: અમેરિકાની હાઈ-ફ્રિકવન્સી ટ્રેડિંગ કંપની જેન સ્ટ્રીટ કેપિટલે ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ ફરી શરૂ કરવા માટે સેબી પાસે મંજૂરી માગી છે. આ માટે કંપનીએ એસ્ક્રો એકાઉન્ટમાં લગભગ 4843.50 કરોડ રૂપિયા જમા કરાવ્યા છે.


આ રકમ એ જ રકમ છે જેને સેબીએ બેંક નિફ્ટી ઈન્ડેક્સમાં હેરાફેરી કરીને કરવામાં આવેલા ગેરકાયદેસર નફા તરીકે ઓળખાવી હતી. સેબીએ અગાઉ વચગાળાનો આદેશ જારી કરીને નાણાં જપ્ત કરવાના નિર્દેશ આપ્યા હતા અને કંપનીને વેપાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

જેન સ્ટ્રીટ કહે છે કે તેઓએ પૂર્વગ્રહ વિના રકમ જમા કરાવી છે, જેનો અર્થ છે કે તેઓ હજી પણ કાયદા હેઠળ તેમના અધિકારો સુરક્ષિત રાખે છે અને કાનૂની માર્ગો લેવામાં અચકાશે નહીં.

**સુડોકુ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | | | | ૮ | ૭ |
| ૩ | | ૪ | ૭ | | ૨ | ૯ | | ૬ |
| | ૭ | ૫ | ૩ | | | ૨ | ૪ | ૧ |
| ૮ | | | | | ૩ | ૧ | | ૪ |
| | | | | | | | | ૫ |
| ૪ | ૫ | ૭ | ૬ | | | ૮ | | ૩ |
| | | | ૯ | ૬ | | | | ૮ |
| ૧ | ૬ | ૮ | | | | | ૩ | ૯ |
| | | | | | ૮ | | ૬ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



**દાદીમાના નુસખા**

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**હૃદય - 5**

મહેરબાની કરી જંક ફુડ તો ઠીક સ્ટ્રીટ ફુડ પણ બંધ કરો. નમકનો ઉપયોગ ઘટાડો. હળવી કસરત કરો. અઠવાડિયે એક વાર દિવેલ બે ચમચી સૂંઠના ઉકાળા સાથે લો. કબજિયાતના થાય તેનું ધ્યાન રાખવું.

## આજનું પંચાંગ

**તા. 15/07/2025, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** અષાઢ
**તિથિ:** વદ: પાંચમ 22.00
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 24
**યોગ :** સૌભાગ્ય **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** શતભિષા 6.27 પછી પ.ભા.નો ક્ષય છે
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.) 24.1 પછી મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:07 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:55
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 5મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447, મોહરમ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાત્રિનાં ચોઘડિયા :** 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. પ્રેમમાં તાલમેળ ઓછો રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં ઘર્ષણથી કામનો બોજ વધે. નવા ફેરફાર અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે.

**મિથુન (ક,છ,ઘ,):** કાયદા બાબતે સાવધાની રાખવી. કોઇની વાતોમાં આવીને વિચારો બદલવા નહીં.

**કર્ક (ડ,હ,):** સરકારી કામમાં વિલંબ થાય. ઉઘરાણીની ચિંતા વધે. આરોગ્ય નરમગરમ રહે. ખર્ચા વધે.

**સિંહ (મ,ટ,):** રોજની આવકમાં વધઘટનો અનુભવ થાય. નોકરીમાં અશાંતિ રહે. ઘરમાં તાલમેળ રાખવો.

**કન્યા (પ,ઠ,ણ,):** માતા સાથે વિવાદ થાય. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી. ખાવાપીવા પર કાબૂ રાખવો.

**તુલા (ર,ત,):** વિદ્યાર્થીઓની અશાંતિ વધે. શેરબજારમાં વિઘ્નો આવે. સંતાનોથી અશાંતિ થાય. મિત્રોનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** વારસા બાબતે વિવાદ વધે. વડીલોના આરોગ્યના ખર્ચા વધે. નોકરી માટે પ્રવાસ કરવો પડે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. આત્મવિશ્વાસ વધે. પરિવારની સમસ્યા સતાવે. વિવાદ ટાળવો.

**મકર (ખ,જ,):** આર્થિક ભીંસ વધે. આવક માટે નવી યોજનામાં વિલંબ થાય. સંતાનોના કામની ચિંતા સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** રોમેન્ટીક મુલાકાત થાય. સમાજમાં સાવધાની રાખવી. દાંપત્યજીવનમાં અશાંતિ વધશે.


**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. કોઇ કાવતરાના ભોગ બનવાનું થાય. સાવધાની રાખવી. મૌન રહેવું.

### કોઇ પણ સાલમાં 15 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. ચડતીપડતી સાથે નોકરી ધંધામાં નવી તક અને નવી જવાબદારીઓ આવે. હરીફોની હેરાનગતિ સતાવે. આર્થિક રીતે સામાન્ય રહે. નવી ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વિદેશનાં કામ ધીમાં પડે. યાત્રાપ્રવાસમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ, કેરિયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષના મધ્યમાં પ્રગતિ થાય. આરોગ્ય અને ઉઘરાણીની ચિંતા રહે. વારસા, જાયદાદ, જમીનનાં કામ ધીમાં પડશે. વડીલો, મિત્રો સમાજ અને કાયદાકીય બાબતે મદદરૂપ થાય. ધર્મકર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આવક વધે. જુલાઇ ઓગસ્ટમાં ખર્ચા વધશે. આરોગ્ય નરમગરમ રહે.

### શબ્દગુંફન - ૭૦૧૩

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧) અગમબુદ્ધિવાળું (૪)
૩) બધે રખડ્યા કરનાર (૫)
૭) પાણી ભરવાનું એક પાત્ર (૨)
૯) ચોગમનું વાતાવરણ (૫)
૧૨) સોનાનું, સોનેરી (૩)
૧૩) હાથ (૨)
૧૪) તંગી, અછત (૨)
૧૫) ઘોડો (૨)
૧૬) શહેર (૩)
૧૮) આદર, સન્માન (૨)
૨૦) એક રાશિ (૩)
૨૧) ન બોલવું તે (૨)
૨૨) શબ્દ, બોલ (૩)
૨૪) જોરથી વહેતો પ્રવાહ (૨)
૨૫) દુઃખ, પીડા (૩)
૨૭) કિરણ (૩)
૨૮) હંમેશ, કાયમ (૪)
૩૦) ચંચળ, અસ્થિર (૩)
૩૧) માછલું (૨)

**ઊભી ચાવી**

૧) દીક્પ, દીવો (૩)
૨) કૃપા (૨)
૪) એક જળચર (૩)
૫) જંગલ (૨)
૬) પત્ની (૨)
૮) નફો, લાભ (૩)
૧૦) જંગલને લગતું (૨)
૧૧) પરાજય (૨)
૧૩) જરૂરી જ ખર્ચ કરવું (૫)
૧૪) છેડો, નિવેડો (૨)
૧૭) શોક, દુઃખ (૨)
૧૮) માનવીને યોગ્ય (૫)
૧૯) પુષ્કળ, ખૂબ હોવું તે (૪)
૨૩) બાગ, આનંદ (૩)
૨૫) શ્વાસ (૨)
૨૬) પીડવું, દબાવવું તે (૩)
૨૮) નિર્ણય, ઉકેલ (૨)
૨૯) કૃપા, રહેમ (૨)




ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**વિશ્વની સૌથી મોટી**
કંપનીમાં માર્કેટિંગ દ્વારા નવેસરથી શરૂઆત કરવાની લોકો માટે સુવર્ણ તક! સંપર્ક- 9284996405

**જોઈએ છે**
ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયર/ સ્ટોર કીપર અનુભવી યુવક રૂબરૂ મળો મંગળવારથી શનિવાર 12:30થી 5:30, મેટ્રોસ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ બી-244, રોડ 6-ડી નવી વસાહત, ઉદ્યોગનગર, ઉધના,

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલમાં**
ઈન્વેસ્ટમેન્ટ લાયક પ્લોટ લેવા, વેચવા, ભાડેથી આપવાના, 9998227450, 9825127450, 9898027450

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સાંઇયાત્રા સ્લીપર**
ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ દિવસ- 3, ઓગસ્ટ 8. જન્માષ્ટમી સ્પેશિયલ રાજસ્થાન દિવસ- 4. અંબાજી, આબુ, સમડેઝર્ટ, જેસલમેર, રણુજા, જોધપુર ઓગસ્ટ- 15. 9824123641

**(સાગર) 9427113317**
શ્રાવણમાં મહાકાલેશ્વર, ઓમકાલેશ્વર, જન્માષ્ટમીમાં મહાબળેશ્વર, દિપાવલિમાં કેરાલા, રામેશ્વર, જટાયુ

**મિલ્કત વેચવાની છે**

**ફ્લેટ વેચવાનો છે**
૧૦૦૪, સારથી એપાર્ટમેન્ટ, લકઝરીયાની ગલીમાં મેપ લીફની બાજુમાં જૈન દહેરાસર સામે મળો રાજુભાઈ સવારે ૧૦ થી ૧૨ કોન્ટેક્ટ 9824186403 (299)

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK પાલ- ઉમરા બ્રીજની સામે, નાયરા પેટ્રોલ પંપ પાસે, પાલ, સુરત 2000 Sq. ft M- 9825743553

**વેચવાનું છે**
37 લાખ કબજા રસીદ ગ્રાઉન્ડ સાથે એકમાળવાળુ નવું મકાન બાંધકામ સાઈઝ 12 X 38 સોસીયો સર્કલથી આગળ બમરોલી રોડ બેંક ઓફ બરોડાની સામે વેલકમ પાન સર્કલ રોડથી નજીક સુરત મોબાઈલ 9274429138 (305)

**ફ્લેટ વેચવાનો છે**
નાનપુરામાં નવા બંધાયેલ માસ્ટર્સ ડ્રીમ સ્કેપ એપાર્ટમેન્ટમાં 3 BHK મળો. માસ્ટર મંડપ કોન્ટ્રાક્ટર 1 રાજુ ચેમ્બર્સ ખારવાવાડ નાનપુરા સુરત mo. 9824112868 (312)

**વાહન લે-વેચ**

**જુના બંધ હાલતમાં**
- 2 વ્હીલર, 4- વ્હીલર, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

**વ્યવસાયીક ધંધાકીય**

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**OCM, Reid**
& Taylorના 3 પીસ ફક્ત 1299/- આલીશાન, હરિપુરા,ભવાનીવડ, સુરત.

**ઘરબેઠા LED, TV**
રીપેરીંગ. દરેક વિસ્તારમાં. સાંઈકૃપા ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9426835052

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ દરેક વિસ્તારમાં. દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*